# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ

## જીવન કૌશલ્ય ડોક્યુમેન્ટ
## વર્ષ ૨૦૨૨-૨૩




**સંકલન**

**શ્રીમતી કંચનબેન ભૂત**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

**માર્ગદર્શક**

**શ્રીમતી કંચનબેન ભૂત**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

# લેખન - સંપાદન



| ક્રમ | કર્મચારીનું નામ | સંસ્થાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|
| ૧ | ધર્મેશ પી. સેલારકા | સી.આર.સી. નાનાકોટડા | તા. વિસાવદર<br>જિ. જુનાગઢ |
| ૨ | કેતનભાઇ વી. રૂપાપરા | બી.આર.પી.કો. પ્રજ્ઞા – ભેસાણ | તા. ભેસાણ<br>જિ. જુનાગઢ |
| ૩ | પ્રતાપસિંહ આર.જેઠવા | સી.આર.સી. મહોબતપુર | તા.વંથલી<br>જિ. જુનાગઢ |
| ૪ | જિજ્ઞેશ આર. મહેતા | સ્પે.એજયુકેટર - અગતરાય | તા. કેશોદ<br>જિ. જુનાગઢ |
| ૫ | વિરલ પી. દુતિયા | બી.આર.પી. પ્રજ્ઞા – જુનાગઢ ગ્રામ્ય | તા. જુનાગઢ ગ્રામ્ય<br>જિ. જુનાગઢ |
| ૬ | અલ્પાબેન ડી. કાચા | સી.આર.સી. પ્રાયોગિક | તા. જુનાગઢ સિટી<br>જિ. જુનાગઢ |
| ૭ | મુકેશ એમ. ચાવડા | સી.આર.સી. કાલેજ | તા. માંગરોળ<br>જિ. જુનાગઢ |
| ૮ | પ્રદીપ એન. ઠાકર | સી.આર.સી. કન્યાશાળા મેંદરડા | તા. મેંદરડા<br>જિ. જુનાગઢ |
| ૯ | આનંદકુમાર પી. ડઢાણિયા | સી.આર.સી. અમરાપુર | તા. માળીયા હાટીના<br>જિ. જુનાગઢ |
| ૧૦ | મધુસુદ્દન જે. રાડીયા | સ્પે.એજયુકેટર - શેરડી | તા. માણાવદર<br>જિ. જુનાગઢ |
| ૧૧ | દીનેશભાઈ બી. મકવાણા | સી.આર.સી. નાથળ | તા. ઉના<br>જિ. ગીરસોમનાથ |
| ૧૨ | આશિષભાઇ ડી.રતનધયારા | આ.શિ.ચાંદખતાલ પ્રા. શાળા | તા. વેરાવળ<br>જિ. ગીરસોમનાથ |
| ૧૩ | મુકેશભાઇ બી. ગોંડલિયા | સી.આર.સી. તાલાલા | તા. તાલાલા<br>જિ. ગીરસોમનાથ |
| ૧૪ | મહેશભાઇ પી. ક્વાડ | સી.આર.સી. ધોકડવા કુમાર | તા. ગીરગઢડા<br>જિ. ગીરસોમનાથ |
| ૧૫ | રમેશભાઈ એન. બારડ | સી.આર.સી. કદવાર | તા. સુત્રાપાડા<br>જિ. ગીરસોમનાથ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૪ |
| ૨ | સંકલ્પના | ૬ |
| ૩ | જીવન કૌશલ્યના હેતુઓ | ૭ |
| ૪ | ધો. ૬ થી ૮ આનંદદાયી અને પ્રવૃત્તિમય જીવન કૌશલ્ય બાળમેળો | ૮ |
| ૫ | જીવન કૌશલ્ય અંતર્ગત સમગ્ર જિલ્લામાં થયેલ પ્રવૃત્તિઓ | ૯ |
| ૬ | બાળકો, વાલીઓ, એસ.એમ.સી. સભ્યો, આચાર્યશ્રીઓનાં પ્રતિભાવો | ૩૩ |
| ૭ | મુલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો | ૩૫ |
| ૮ | બાળમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો | ૪૩ |
| ૯ | બાળમેળા આયોજન માટે કરેલ બેઠકોની મિનીટ્સ | ૫૫ |








# પ્રસ્તાવના

જીવન કૌશલ્ય અને મેળો એ બંને શબ્દો આમ તો અલગ-અલગ અને એટલી જ અલગ વાતો સૂચવે છે. જીવન કૌશલ્ય શબ્દ કશું શીખવા સાથે અનુબંધ ધરાવે છે. જ્યારે મેળો મોટાભાગે આનંદ પ્રમોદનો પર્યાય છે. જીવન કૌશલ્ય મેળો એ બાળકોના ઘડતરનો મેળો છે. બાળક આનંદ તો મેળવે જ છે, પણ પોતે કશુંક નવું શિખવાનો સંતોષ પણ મેળવે. એવા કેટલાય કામો જે પૂરા કરવાના તેને કોઈ કારીગર અથવા અન્યની મદદ લેવી પડે, તે બધા હવેથી તે પોતે જાતે કરી શકશે. ધોરણ ૬ થી ૮ નાં બાળકોને સામાન્ય ક્રિયાઓ કરતા થોડી વિશેષ, પોતાની વયકક્ષાથી થોડી ઉપરની એવી ચેલેન્જ રૂપ ક્રિયાઓ વધુ પસંદ કરતા હોય છે. તેમને જો આવા જીવન કૌશલ્યો શીખવા સમજવાની તક મળશે તો જરૂરથી તેનું સુંદર પરિણામ આવશે.

બાળકોના શારીરિક અને માનસિક વિકાસનો જેટલું મહત્વ છે તેથી વિશેષ મહત્વ છે બાળકના જીવન વિકાસનું. બાળક એ શક્તિનો ભંડાર છે. બાળ માનસમાં રહેલી શક્તિનું પરખ કરવાનું કામ શિક્ષકનું છે. યોગ્ય વાતાવરણ અને માર્ગદર્શન મળવાથી બાળકની શક્તિ જાગૃત થાય છે. બાળકમાં રહેલી શક્તિને ભાર આપવાનું કામ અને તેના દ્વારા જીવનના વિકાસ માટે પુરતી તક આપવાનું કામ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાથી થાય છે. આપણે સૌ બાળમેળાની પ્રવૃતિથી તો માહિતગાર છીએ. અત્યારે શિક્ષણના નૂતન પ્રવાહો અને માહિતી યુગમાં પ્રાથમિક શિક્ષણને બે સ્તરમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

ત્યારે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની નવી સંકલ્પનાને સાકાર કરવાના પ્રયત્નો કરીએ. જીવન કૌશલ્ય શિક્ષણ એટલે જીવનમાં આગળ વધવાની સફળ, સુખમય, શાંતિમય અને સ્વસ્થ જીવન ઘડતર માટે અને સતત વિકસિત રહેવા માટે જરૂરી એવા કૌશલ્યને જીવનશૈલીમાં ઉતારવું. શિક્ષણ બાળકના રોજિંદા જીવનમાં પડકારોને હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

નવી શિક્ષણ નીતિ 2020 મુજબ બાળકોને શિક્ષણ સાથે વ્યવસાયિક શિક્ષણ મેળવવા માટે પણ જીવન કૌશલ્ય આધારિત વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ જ ફળદાયી નીવડશે. ભવિષ્યમાં બાળકોને આજીવિકા મેળવવા માટે જીવન કૌશલ્ય એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે અને બાળકના વ્યવહારિક કૌશલ્યમાં વધારો થશે.

**શ્રીમતી કંચનબેન ભૂત**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,જૂનાગઢ**



# સંકલ્પના

બાળમેળામાં જીવન કૌશલ્ય વિકાસને સામેલ કરવા પાછળ એક વિશેષ દ્રષ્ટિ પણ દેખાઈ આવે છે. આજનો સમય એ એ પ્રકારનો સમય છે કે જેટલા બાળકો ભણે છે તે તમામને તરતજ સારી નોકરી મળવા મળી જવાની નથી. તો આવનાર દિવસોમાં સ્પર્ધાના સમયમાં ટકી રહેવામાં જીવન કૌશલ્ય ખૂબ મદદરૂપ બનશે. અને કેટલાય કાર્યો જે શીખી શકાય તેની મદદથી પોતાની અરજીવિકા પણ મેળવી શકે. આવા શાળા દરમિયાન શીખેલા જીવન કૌશલ્ય એ માત્ર મનોરંજન માટે ન રહેતા આજીવન સાથે આધાસ્તંભ રૂપ બની રહે તેવા પ્રયાસો જરૂરી છે.



# જીવન કૌશલ્યના હેતુઓ

- આત્મવિશ્વાસ પ્રગટ થાય અને ક્રિયાશીલતાને પોષણ મળે છે.
- મનગમતું કામ મળે છે અને પ્રતિકૂળતામાં અનુકૂળતા સાધે.
- જિજ્ઞાસાવૃતિ જાગૃત થાય છે.
- સામૂહિક ભાવના અને હકારાત્મક ભાવના વિકસે છે.
- કામ પ્રત્યે પ્રેમ જાગે છે અને ત્વરિત નિર્ણય લેતો થાય છે.
- વ્યાવહારિક જ્ઞાન મેળવતો થાય છે.
- કલ્પના શક્તિનો વિકાસ થાય અને બાળકની સર્જનવૃતિ સંતોષાય.
- બાળકો અંતઃતૃપ્તિ અનુભવે અને સમાજમાં વિશેષ સ્થાન મળે.
- વિચારોનું પ્રગતિકરણ થાય, આત્મસુઝ કેળવાય અને નિર્ણય શક્તિ વિકસે.
- બાળકને અભિવ્યક્ત થવાની તક મળે.
- વ્યવસ્થા, શિસ્ત, સમય પાલન, ચોકસાઇ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે.
- સમસ્યાનો વ્યવહારુ ઉકેલ શોધતો થાય.
- સ્વ-અધ્યયનનું કૌશલ્ય વિકશે.
- તંદુરસ્ત સમાજ નિર્માણની ભાવના કેળવે.
- શાળાના આર્થિક વિકાસમાં ભાગીદારી નોંધાવે.
- અવલોકન શક્તિનો વિકાસ થાય.
- ખેલદિલીની ભાવના કેળવાય.
- શ્રેષ્ઠ મૂલ્યોને આત્મસાત કરી શકે અને હસ્ત કૌશલ્યનો વિકાસ થાય.

# ધોરણ :- ૬ થી ૮

# આનંદદાયી અને પ્રવૃત્તિમય

# જીવન કૌશલ્ય





# જીવન કૌશલ્ય અંતર્ગત સમગ્ર જિલ્લામાં થયેલ પ્રવૃત્તિઓ



- સર્જનાત્મકતા.
- ચાલો શીખીએ.
- સ્વ-જાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન.
- વાંચન, લેખન, અવલોકનની પ્રવૃતિઓ.
- પર્યાવરણને જાણો, માણો અને જાળવો.
- હળવાશની પળો માણે .
- સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ.
- સમૂહ જીવન અને બાળપ્રદર્શન.
- મેટ્રીક મેળા.

# વિભાગ-૧ સર્જનાત્મક પ્રવૃત્તિઓ

ધોરણ ૬ થી ૮ ના જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની વિવિધ પ્રવૃત્તિઓ પૈકી વિભાગ-૧ માં સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોમાં સર્જનાત્મક શક્તિઓની ખીલવણી કરવા માટે આ વિભાગની પ્રવૃત્તિઓ ખૂબ મહત્વની છે.

## ❖ હેતુઓ :

- કાગળમાંથી વિવિધ નમૂનાઓ બનાવે.
- વાંસ માંથી સજાવટની વિવિધ વસ્તુઓ બનાવતા શીખે.
- નકામા કાપડ/કાથીનાં ટુકડામાંથી પગલુછણિયું બનાવતાં શીખે.
- માટીમાંથી વિવિધ નમૂનાઓ બનાવે.
- ફૂલો, પાન તથા ડાળીઓમાંથી તોરણ અને બુકે બનાવતાં શીખે.
- વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવે.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવે.

## ❖ સાધન સામગ્રી :

વિવિધ પ્રકારના કાગળ, વાંસની નાની નાની ચિપ્સ, નકામા કાપડ, જૂની સાડી, કાથી, વિવિધ પ્રકારના ફૂલો, પાન અને  ડાળીઓને વિવિધ રીતે ગોઠવી તેમાં તોરણ તથા બુકે બનાવ્યા.

## ❖ કાર્ય પધ્ધતિ :

- વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવવાં.
- બાળકોએ શાળામાં, વર્ગખંડમાં, ઘરમાં પડેલ નકામી ચીજ વસ્તુઓ એકત્રિત કરી તેમાંથી ઉપયોગી ચીજવસ્તુઓનું નિર્માણ કર્યું.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવવી.
- મહેંદીના કોનથી વિવિધ ડિઝાઇન સાથે હાથ પર મહેંદી મૂકવી.
- નકામા ન્યૂઝ પેપરમાંથી વિવિધ નમૂના બનાવે.
- બાળકો નકામા ન્યૂઝ પેપરની ગળી વાળી પટ્ટીઓ બનાવી વિવિધ આકારોમાં ગોઠવી વિવિધ નમૂના બનાવવા.

## ❖ ફલશ્રુતિઃ

- કાગળમાંથી વિવિધ નમૂનાઓ બનાવ્યા.
- વાંસમાંથી સજાવટની વસ્તુઓ બનાવી.
- નકામા કાપડ/કાથીના ટુકડામાંથી પગલુછણિયું બનાવ્યા.
- માટીમાંથી વિવિધ નમૂનાઓ બનાવ્યા.
- ફૂલો, પાન તથા ડાળીઓમાંથી તોરણ બનાવ્યા.
- વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવ્યા.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવી.
- નકામા ન્યૂઝ પેપરમાંથી વિવિધ નમૂનાઓ બનાવ્યા.






બોટલ ક્રાફ્ટ QR કોડ

# વિભાગ-૨ ચાલો શીખીએ

## ❖ હેતુઓ:

- બાળકોને નવી નવી બાબતો શીખવાની તક મળે.
- વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવાની તક મળે.
- બાળકોની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય.
- બાળકોની સર્જનશક્તિનો વિકાસ થાય.
- બાળકોને શિક્ષણ પ્રત્યે રુચિ કેળવાય.
- બાળકો નાના- નાના કામ જાતે કરી શકે.

## ❖ પ્રવૃત્તિઓ :

- ફ્યૂઝ બાંધતા શીખવવામાં આવ્યું.
- ટાયર પંચર બનાવતાં શીખ્યા અને પડીકા બાંધતા શીખ્યા.
- કુકર કેમ બંધ કરવું તે શીખ્યા.
- દિવાલ અને લાકડાંમાં ખીલી મારતા શીખ્યા.
- બટન ટાંકતા શીખવું અને રોટલા બનાવતા શીખ્યા.
- સિલાઈ કરતાં શીખ્યા અને હેર સ્ટાઇલ કરતાં શીખ્યા.
- કપડાને ઇસ્ત્રી કરતાં શીખ્યા.
- પેપર ફાઇલિંગ કરતાં શીખ્યા.
- મિકસર મશીનનો ઉપયોગ કરતાં શીખ્યા.
- ચોપડાને પૂઠાં ચડાવતા શીખ્યા.

## ❖ સાધન સામગ્રી :

જૂના ફ્યૂઝ, તાંબાના વાયર, સ્ક્રૂ ડ્રાઈવર, પક્કડ, હથોડી, રેગ્યુલેટર, ગેસ સિલિન્ડર, બટન, કાતર, સોય, દોરો, જૂના કપડાં, રોટલા માટે જરૂરી સામાન, પીન, ફાઇલ, પંચ, ઇસ્ત્રી, મિકસર મશીન વગેરે.

## ❖ ફલશ્રુતિ :

- બાળકો આત્મનિર્ભર બને તેવી પ્રવૃતિ થઇ.
- બાળકો જીવન ઉપયોગી પ્રવૃતિઓ શીખ્યા.
- બાળકોને નવી નવી બાબતો શીખવાની તક મળી.
- બાળકોએ વિવિધ સર્જનાત્મક પ્રવૃતિઓનો આનંદ માણ્યો.

ભરત કામ QR કોડ








Shot on GT Master

# વિભાગ- 3 સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન

## ❖ હેતુઓ:

- ➢ બાળકો વ્યસનની નકારાત્મક અસર પ્રત્યે જાગૃત થાય.
- ➢ બાળકો વ્યસન મુક્ત બને.
- ➢ આપત્તિ વ્યવસ્થાપન શીખે અને જરૂરિયાત સમયે તેનો ઉપયોગ કરતાં શીખે.
- ➢ બાળકોમાં સ્વચ્છતા, ચીવટ જેવા ગુણો વિકસે.
- ➢ સ્વચ્છતાના આગ્રહી બને અને તે અંગેની સમજ કેળવે.
- ➢ બાળકો ગૃહ સુશોભન માટે સ્વનિર્મિત વસ્તુ બનાવતાં શીખે.

## ❖ પ્રવૃત્તિઓ :

- ➢ વ્યસન મુક્તિ અભિયાન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ.
- ➢ શરીરના અવયવોની સફાઈ અને તોરણ- વૉલપીસ બનાવવા.
- ➢ વર્ગખંડોની સફાઈ અને શાળાના મેદાનની સફાઈ.

## ❖ સાધન સામગ્રી :

વ્યસનમુક્તિ અંગેના ચાર્ટ્સ, ફાયર સેફ્ટી યંત્ર, હેલ્થ કોર્નરના સાધનો, અરીસો, કાંસકો, તેલ, નેપકિન, કટર, ઝાડું, સાવરણા, પાવડી, દોરો, આસોપાલવ, રંગીન કાગળ વગેરે.

## ❖ ફલશ્રુતિ :

- ➢ બાળકો વ્યસનની નકારાત્મક અસર પ્રત્યે જાગૃત થયા.
- ➢ આપત્તિ વ્યવસ્થાપન શીખ્યા અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખ્યા.
- ➢ સ્વચ્છતાના આગ્રહી બન્યા અને તે અંગેની સમજ કેળવી શક્યા.







દુધાળા પ્રાથમિક શાળા તા. વિસાવદર

# વિભાગ ૪ વાંચન, લેખન અને અવલોકન

## ❖ હેતુઓ:

- બાળકોમાં વાંચન કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકોમાં લેખન કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકોમાં સ્મૃતિ કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકોમાં અવલોકન શક્તિઓનો વિકાસ થાય.

## ❖ પ્રવૃત્તિઓ :

વિવિધ પુસ્તકો સ્ટોલ પર ગોઠવી તેના દ્વારા બાળકોને નિદર્શન અને અભ્યાસ કરાવવો. સમાચારપત્રમાં સમાવિષ્ટ સારા લેખોનો સંગ્રહ કરીને તેનું વાંચન કરાવવું. કોઈ પણ પ્રકારની અરજી, રજાચિઠ્ઠી, અહેવાલ લેખન કરાવવું. અવનવી પ્રાચીન વસ્તુઓનું પ્રદર્શન કરી અવલોકન કરાવવું. શબ્દ કાર્ડ, ફ્લેશકાર્ડનો ઉપયોગ કરાવવો.

## ❖ સાધન સામગ્રી :

- ફ્લેશ કાર્ડ
- સમાચારપત્રની નકલ
- લેખિત પ્રેરક પ્રસંગો
- અરજીનો આદર્શ નમૂનો
- અર્થવિસ્તાર, કહેવત તથા રૂઢિપ્રયોગના કાર્ડ
- અવનવી પ્રાચીન વસ્તુઓ.

## ❖ ફલશ્રુતિ :

- બાળકોમાં વિવિધ સમાચારપત્રોની નકલનો અભ્યાસ કરવાથી વાંચન કૌશલ્યનો વિકાસ થયો.
- વિવિધ નિદર્શન, પ્રદર્શન નિહાળવાથી બાળકમાં અવલોકન અને સ્મૃતિશક્તિનો વિકાસ થયો.
- બાળકોમાં લેખન અને મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થયો.
- બાળકોમાં વિવિધ કળા કૌશલ્યનો વિકાસ થયો.







# વિભાગ-૫ પર્યાવરણને જાણો, માણો અને જાળવો

## ❖ હેતુઓ:

- બાળકોમાં પ્રકૃતિપ્રેમ કેળવાય.
- પર્યાવરણ વિશે નવું-નવું ઉલ્લાસભેર જાણતા થાય.
- ખેતીની વિવિધ રીતો, કુદરતી ખાતરો અને પિયત પધ્ધતિ વિશે જાણતા થાય.
- પર્યાવરણની જાળવણી કરતાં શીખે અને સૌંદર્ય પ્રત્યેની દ્રષ્ટિ વિકસે.
- સહકાર, સ્વચ્છતા, જિજ્ઞાસા જેવા ગુણોનો વિકાસ થાય.
- કુદરતી તત્વો પ્રત્યે પ્રેમભાવના જાળવે.
- કુદરતી સંસાધનની જાળવણી કરતાં થાય.

## ❖ પ્રવૃત્તિઓ :

- ઔષધિયબાગની સમજ.
- ખાતર બનાવવાની રીતો.
- ચિત્રો બનાવવા.
- શાળા મેદાનની સ્વચ્છતા.
- ખેતીના ઓજારો વિશેની સમજ.
- પર્ણ તથા ઔષધિય પોથી બનાવવી તથા વૃક્ષોની માવજત કરવી.

## ❖ સાધન સામગ્રી :

વનસ્પતિના રોપા, પોસ્ટર, ખાતરનાં નમૂના, ગેરુ, ચૂનો, કાગળ, સ્કેચપેન, રંગ, બાગાયતના સાધનો.

## ❖ ફલશ્રુતિ :

- પર્યાવરણના વિવિધ ઘટકો વિશે સમજતા થયાં.
- વનસ્પતિ, સજીવો તેમજ કુદરતી તત્વો પ્રત્યે પ્રેમ ભાવના જાગૃત થઈ.
- પાણીનો સદુપયોગ કરતાં થયાં.
- ખેતીની વિવિધ રીતો જાણતા થયાં.
- કુદરતી સંસાધનોની જાળવણી કરતા થયાં.




સરસાલી પ્રાથમિક શાળા તા. માંગરોળ









# વિભાગ-૬ હળવાશની પળોમાં

## ❖ હેતુઓ:

- ➢ બાળકો રમૂજી ટુચકા કહે.
- ➢ બાળકો તણાવ મૂક્ત બને.
- ➢ અઘરા વિષયો હળવાશથી શીખે અને સભાક્ષોભ દૂર થાય.
- ➢ અભિનય કરવાનું કૌશલ્ય કેળવે.
- ➢ નેતૃત્વ શક્તિનો વિકાસ થાય.

## ❖ પ્રવૃત્તિઓ :

- ➢ ટેકનોલોજીનાં ઉપકરણોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે.
- ➢ બાળકોમાં કલ્પના શક્તિ અને સ્મૃતિ શક્તિ વિકસે.
- ➢ બાળગીતો અને કાવ્યગાન.
- ➢ અભિનય ગીતો.
- ➢ વેશભૂષા.
- ➢ હાસ્ય નાટકો અને હાસ્ય દરબાર.
- ➢ હાસ્ય ક્લિપિંગ.
- ➢ શિક્ષક દ્વારા વાર્તા કહેવી અને એકપાત્રીય અભિનય.

## ❖ સાધન સામગ્રી :

જોક્સની ચોપડીઓ, સી.ડી., સમાચારપત્રો, હાસ્ય ક્લિપ, કાર્ટૂન, કાગળ/કપડાના મહોરાં, સંગીતના સાધનો, વિવિધ પાત્રો પ્રમાણેની વેશભૂષા, રંગીન કાગળ વગેરે.

## ❖ ફલશ્રુતિ :

- બાળકો રમૂજી ટૂચકા રસપ્રદ રીતે કહેતા થયાં.
- બાળકો તણાવ મૂક્ત બન્યા.
- બાળકો અઘરા વિષયો હળવાશથી શીખ્યા.
- સભાક્ષોભ દૂર થયો.
- અભિનય કરવાનું કૌશલ્ય કેળવ્યું.
- નેતૃત્વ શક્તિનો વિકાસ થયો.
- ટેકનોલોજીના ઉપકરણનો યોગ્ય ઉપયોગ કરતાં થયાં.
- કલ્પનાશક્તિ અને સ્મૃતિશક્તિનો વિકાસ થયો.









પંચવટી પ્રાથમિક શાળા તા. માણાવદર

# વિભાગ- ૭ સામાન્યજ્ઞાન અને સમસ્યા ઉકેલ

## ❖ હેતુઓ:

- ➢ બાળકો જીવન સંઘર્ષમાં મથામણ દ્વારા સમસ્યા ઉકેલી કોઠાસૂઝ કેળવે.
- ➢ બાળકો વ્યવહારુ કાર્યસૂઝ કેળવે.
- ➢ બાળકો સમસ્યા ઉકેલ તથા તર્કશક્તિ કેળવે.

## ❖ પ્રવૃત્તિઓ :

- ➢ સામાન્ય જ્ઞાન આધારિત ક્વિઝ.
- ➢ અગત્યનાં હેલ્પલાઇન ફોન નંબરની જાણકારી આપવી.
- ➢ તર્ક આધારીત સમસ્યા "હું શું કરું ?" જેવી રમત રમાડવી.
- ➢ ચિત્ર પઝલ્સ.

## ❖ સાધન સામગ્રી :

- ➢ સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો.
- ➢ હેલ્પલાઇન નંબરોની યાદી.
- ➢ સુડોકું.

## ❖ ફલશ્રુતિ :

બાળકોના સામાન્યજ્ઞાનમાં વધારો થાય અને તેનો ઉપયોગ વ્યવહારમાં કરતો થયો. બાળકોની કલ્પના શક્તિ, તર્ક શક્તિ, નિર્ણય શક્તિ તેમજ વિચારશક્તિમાં વિકાસ થયેલ જોવા મળ્યો.






# વિભાગ-૮ સમૂહ જીવન અને બાળપ્રદર્શન

## ❖ હેતુઓ :

- સમૂહજીવનની ભાવના ખીલે.
- વિવિધ વસ્તુઓનો સંગ્રહ કરવાનો શોખ કેળવે.
- વિવિધ વસ્તુઓ વચ્ચેની સમાનતા અને વિવિધતા જાણે.
- અવલોકન શક્તિ અને સંગ્રહ શક્તિનો વિકાસ થાય.

## ❖ પ્રવૃત્તિઓ :

- શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન.
- સિક્કા અને નોટોનું પ્રદર્શન, ઇલેક્ટ્રીક સાધનોનું પ્રદર્શન.
- પીંછાં અને પાંદડાનું પ્રદર્શન.
- વર્ગ સુશોભન, શાળા મેદાન અને વર્ગખંડોની સ્વચ્છતા.
- પુસ્તકાલયની ગોઠવણી.

## ❖ સાધન સામગ્રી :

શૈક્ષણિક સાધનો, સિક્કાઓ, ચલણી નોટો, પીંછાં, પાંદડાં, પુસ્તકો, સફાઈના સાધનો વગેરે.

## ❖ ફલશ્રુતિ :

- સમૂહજીવનની ભાવના ખીલી.
- વિવિધ વસ્તુઓનો સંગ્રહ કરવાની ટેવનો વિકાસ થયો.
- વિવિધ વસ્તુઓ વચ્ચેનો ભેદ કરતાં થયાં.
- અવલોકન શક્તિ અને સંગ્રહ શક્તિનો વિકાસ થયો.




નાનાકોટડા પે. સેન્ટર શાળા

# મેટ્રિક મેળા

## ❖ પ્રસ્તાવના :

ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અનેક પ્રયત્નો થયાં છે અને તેનાં મહદ અંશે ગુણવત્તામાં સુધારો પણ જોવા મળે છે. ઉપરોક્ત વિચારને સાર્થક કરવા માટે શાળા કક્ષાએ ગણિતમેળો (મેટ્રિકમેળા)નું આયોજન કરવાથી બાળકોમાં રહેલ તર્ક, વિચાર, શાળાના અનુભવો તેમજ ગાણિતિક જ્ઞાનનો ખ્યાલ વાલીઓ અને સમાજમાં સ્પષ્ટ થાય તેમાં કોઈ બે મત નથી. આ મેટ્રિકમેળા કર્ણાટકના ઉત્તર-પૂર્વના યાડાગીર જિલ્લાના શિરાપુર બ્લોકમાં 2004માં અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનની સંયુક્ત પહેલ થી થયો હતો અને તેની ફલશ્રુતિમાં ઘણા રાજ્યોની શાળાઓમાં ઉત્સવભેર મેટ્રિકમેળાનું આયોજન સાથે અમલીકરણ થઈ રહ્યું છે.

## ❖ હેતુઓ :


- શાળાની પ્રવૃત્તિમાં સમાજનાં લોકોનો સમાવેશ કરવો.
- વર્ગખંડમાં શીખેલ ગાણિતિક વિભાવનાઓને રોજિંદા જીવનમાં ઉપયોગ કરવો અને નાણાનો વ્યાવહારિક ઉપયોગ સમજાવવો.
- વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની સુષુપ્ત શક્તિઓને ઓળખી તેનો વિકાસ કરવો અને બાળકોમાં તાર્કિક વિચારોનો વધુ વિકાસ થાય છે.
- પોતાની ઊંચાઈ માપવી અને પોતાનું વજન માપવું.
- શરીરના ભાગોનું માપ લેવું અને પ્રવાહીનું માપન.
- ભૌમિતિક આકારો બનાવવા અને કોયડા ઉકેલ.
- જુદી-જુદી વસ્તુની ઊંચાઇ માપવી અને જુદી-જુદી વસ્તુઓની પરિમિતિનું માપ શોધવું.

## ❖ ફલશ્રુતિ :

- શાળાની પ્રવૃત્તિઓમાં વાલી અને સમાજ સાથે ગાઢ સંબંધ વિકસ્યા.
- શાળા અને બાળકોની ક્ષમતાઓ સમાજ સુધી પહોંચી.
- ગાણિતિક વિભાવનાઓનો રોજિંદા જીવનમાં ઉપયોગ વધવા લાગ્યો.
- બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવી.
- તાર્કિક અને ગાણિતિક વિચારોમાં વધારો થયો.
- ગણિતના વિષયમાં રસરૂચિ વધી.

# બાળકોનાં, વાલીઓનાં, એસએમસી સભ્યોનાં, આચાર્યશ્રીનાં પ્રતિભાવો






નામ:- નારાઈ રીયા આર. Day:- Wednesday

શાળા:- શ્રી પંચવટી પ્રા શાળા માણાવદર 26/7/22.

(બાળ મેળો / (લાઇફ સ્કીલ)


અમારી શાળા શ્રી પંચવટી પ્રા શાળા માં તારીખ 26/7/22 ના મંગળવાર ના રોજ બાળમેળાનો કાર્યક્રમ હતો. તેમાં ઘણી બધી પદ્ધતિ હતી. (1) કુકરનું ઢાંકણું બંધ કરવું (2) ખીલી ખીડવી (3) ફ્યુઝ બાંધવા (4) મીંઢી ટુકવી (5) ઈસ્ત્રી ચાલુ (6) ટેસ્ટ બાંધી ટેસ્ટ (7) ટેબ શી. (8) વાળી ... (9) અવાડ ... (10) સાઈકલના ટ્યુબ સાંધવા (11) ... (12) ... અમે ટેસ્ટ બાંધી ટેસ્ટ પદ્ધતિ માં ભાગ લીધો હતો તેમાં અમે પક્ષી ના માળા બનાવ્યા બહુત મજા આવી અમે હરવા લાઇફ સ્કીલ માં ભાગ લઈશું હિયમ!



વિદ્યાર્થી - પ્રતિભાવ

આજ રોજ તારીખ 12/7/2022 અને મંગળવાર, અમારી શાળા શ્રી કુમાર પે. સેન્ટર શાળા મેંદરડા માં લાઇફ સ્કીલ મેળો યોજાયો જેમાં 6 થી 8 માં વિદ્યાર્થીઓએ હોંશે-હોંશે ભાગ લીધો [illegible]

લી.
કુમાર શાળા મેંદરડા
[illegible]



આજ રોજ તા. 24/07/2022 ના રોજ અમારી પે. સેન્ટર શાળામાં બાળમેળા નું આયોજન કરવામાં આવેલ. ધો. 6 થી 8 માં બાળકો દ્વારા જુદી જુદી પ્રવૃત્તિ કરવામાં આવી જેમાં પંક્ચર કરવું, ફ્યુઝ બાંધવો, કુકર નું ઢાંકણું ખોલવું, શરીરની સ્વચ્છતા માટે નખ કાપવા, વાળ ઓળાવવા વિગેરે.

બાળકો ને શિક્ષકો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું

સભ્ય-સચિવ
સ્કૂલ મેનેજમેન્ટ કમિટી
પે. સેન્ટર શાળા

# મૂલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો

## સારણી 1.1

## ધોરણ ૬ થી ૮ લાઇફ સ્કીલ બાળમેળાની અભિપ્રાયોનું પૃથક્કરણ

| ક્રમ | વિધાન | હા | ના |
|---|---|---|---|
| ૧ | લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | ૬૦ | |
| ૨ | શાળાના આચાર્ય દ્વ્રારા લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | ૬૦ | |
| ૩ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળેલ છે. | ૬૦ | |
| ૪ | લાઇફ સ્કીલ બાળમેળાનીપ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | ૬૦ | |
| ૫ | બી.આર.સી., સી.આર સી., નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા લાઇફ સ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન મળેલ છે. | ૬૦ | |
| ૬ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | ૬૦ | |
| ૭ | લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | ૬૦ | |
| ૮ | લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | ૬૦ | |
| ૯ | લાઇફ સ્કીલ બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | ૫૯ | ૦૧ |
| ૧૦ | લાઇફ સ્કીલ બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | ૬૦ | |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો  વધુ સારી રીતે ખીલવી શકાય છે,. | ૬૦ | |
| ૧૨ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | ૬૦ | |
| ૧૩ | લાઇફ સ્કીલ બાળમેળો પૂર્ણ થયે બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ સંદર્ભે અનુંકાર્ય કરવામાં આવેલ છે. | ૫૯ | ૦૧ |
| ૧૪ | લાઇફ સ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | ૬૦ | |
| ૧૫ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન એસએમસી સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | ૫૯ | ૦૧ |
| ૧૬ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન બાળકો અને શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળેલ છે. | ૬૦ | |
| ૧૭ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન બાળકો – શિક્ષકો- શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | ૬૦ | |
| ૧૮ | સમગ્રતયા લાઇફસ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | ૫૯ | ૦૧ |

1. લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  હા  100 ટકા અને ના  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે.
2. શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  હા  100 ટકા અને ના  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલબાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે.
3. લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  હા  100 ટકા અને ના  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.
4. લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  હા  100 ટકા અને ના  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.

5. બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા લાઇફ સ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા લાઇફ સ્કીલ બાળમેળાની બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.
6. લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
7. લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે.
8. લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.

9. લાઇફ સ્કીલ બાળમેળા સંદર્ભે શૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 98.34 ટકા અને ના 1.66 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની સંદર્ભે શૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.

10. લાઇફ સ્કીલ બાળમેળામાં બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળામાં બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે.

11. લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે.

12. લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે.

13. લાઇફ સ્કીલ બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 98.34 ટકા અને ના 1.66 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધપ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે.

14. લાઇફ સ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
15. લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 98.34 ટકા અને ના 1.66 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.
16. લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.
17. લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન વિદ્યાર્થીઓ - શિક્ષકો - શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન વિદ્યાર્થીઓ - શિક્ષકો - શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો.

18. સમગ્રતયા લાઇફ સ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 98.34 ટકા અને ના 1.66 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે સમગ્રતયા લાઇફ સ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો.

# લાઈફ સ્કીલમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ


બિલખા રોડ, જૂનાગઢ

**Ph.no: 0265 2622361**

**Email: dietjunagadh@gmail.com**


જાવકનં:જશભ/WE/બાળમેળા/2022-23/978-1011 તા.04/07/2022

પ્રતિ,
બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી તમામ,
જિલ્લો - જૂનાગઢ અને ગીર-સોમનાથ

<u>વિષય:-</u> વર્ષ-2022-23માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના આયોજન બાબત.

<u>સંદર્ભ :-</u> ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/19695-75,તારીખ:01/07/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીસીઇઆરટી,ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે બાળમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગડીકામ, બાળવાર્તા આધારિત નાટક જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

GIET, અમદાવાદ અને GCERTના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ગ્રીષ્મોત્સવ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિ અને વિદ્યાપ્રવેશના મોડ્યુલમાં દર્શાવેલ પ્રવૃત્તિનો સમાવેશ કરેલ છે. તેવી રીતે બાળકોને અલગ અલગ બેસાડીને બાળમેળા અને લાઈફસ્કીલ મેળા અન્વયેની પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે. ગ્રીષ્મોત્સવ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓ જોવા માટે અહી ક્યુ.આર.કોડ આપવામાં આવેલ છે. જેને સ્કેન કરવાથી ગ્રીષ્મોત્સવ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓ જોઈ શકાશે.

- <u>બાળમેળાના મુખ્ય હેતુઓ-</u>
  - વિદ્યાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃત્તિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
  - વિદ્યાર્થીઓમાં સહકાર,નેતૃત્વ,લોકશાહીની ભાવના,સાહસિકતા વગેરની ખિલવણી થાય.
  - વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
  - વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
  - વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
  - વિદ્યાર્થીઓની મનોસામાજીક માવજત થાય.
- <u>લાઇફ સ્કીલમેળાના મુખ્ય હેતુઓ-</u>
  - વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
  - જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.
  - વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
  - પોતાના રોજિંદા જીવનમાં નાના - મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
  - શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

<u>નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.</u>

1. વર્ષ-2022-23માં જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ <u>સ્કુલમાં પ્રથમ દિવસે ધો. 1 થી 5 ના બાળકો</u> માટે બાળમેળો <u>તથા બીજા દિવસે ધો. 6 થી 8ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તા.15-07-2022 સુધીમાં કરવાનું રહેશે.</u>
2. આ વર્ષે બાળમેળા અને લાઇફસ્કીલ મેળા બંનેમાં "ટોક શો"ના નામથી પ્રવૃત્તિમાં નીચે આપેલ નમૂનાના વિષયો રાખી શકાશે. (આ વિષયો માત્ર ઉદાહરણ સ્વરૂપે આપેલ છે. તેમાં આપના અનુભવ દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આધારિત વિષયો ઉમેરી શકાશે.)
   - <u>"ટોક શો"ના વિષયો</u>
     1. મારા સપનાનું ભારત
     2. મારી શાળા મારા વિચારો
     3. પર્યાવરણ બચાવો દેશ બચાવો
     4. મારી સામાજિક ફરજ

- બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ -

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા , બાળવાર્તા આધારિત નાટક , માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, , બાળ રમતો, એકમિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય,પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે |

લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ -

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, મિલ્લી લગાવવી, ટાયરનું પંચર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુક્સાન વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર મેટ્રિકમેલા અન્તર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, બાળકોના વજન/ઉંચાઇ માપવી, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વગેરે |

-આ સાથે ધોરણ- 6 થી 8માં વિભાગવાર પણ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે. વિભાગો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

| કક્ષા | ધોરણ | લાઇફસ્કીલ મેળા યોજી શકાય તે વિભાગો |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | <u>વિભાગ-1</u> સર્જનાત્મકતાની પ્રવૃત્તિઓ<br><u>વિભાગ-2</u> ચાલો શીખીએની પ્રવૃત્તિઓ<br><u>વિભાગ-3</u> સ્વજાગૃતિ ,સ્વચ્છતા,સુશોભનની પ્રવૃત્તિઓ<br><u>વિભાગ-4</u> હળવાશની પળોમાંની પ્રવૃત્તિ<br><u>વિભાગ-5</u> પર્યાવરણને જાણો,માણો અને જાળવોની પ્રવૃત્તિ<br><u>વિભાગ-6</u> વાચન,લેખન,અવલોકનની પ્રવૃત્તિ<br><u>વિભાગ-7</u> સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલની પ્રવૃત્તિ<br><u>વિભાગ-8</u> સમૂહ જીવન અને બાલપ્રદર્શનની પ્રવૃત્તિ |

3. આ સાથે મોનીટરીંગ/મૂલ્યાંકન/લાયઝનીંગ કરનાર માટેનું સૂચિત મૂલ્યાંકન-મોનીટરીંગ ફોર્મ સામેલ છે. જે બાળમેળા મોનીટરીંગ દરમિયાન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા લાયઝનશ્રી, બી.આર.સી.કો.શ્રી, સી.આર.સીકોશ્રીએ અવશ્ય ભરવું તથા તેનું વિશ્લેષણ કરી તારણો તારવવા.

4. તાલુકાની શાળાઓમાં <u>બાળમેળા અને લાઇફસ્કીલ (જીવનકૌશલ્ય) મેળા યોજાઇ ગયા બાદ તેનું ડોક્યુમેન્ટેશન અને ડોક્યુમેન્ટ્રી કરવાની રહેશે. જે અંગેની જાણ શાળાઓને કરશો.</u> જેના આધારે જિલ્લાનું ડોક્યુમેન્ટ નિર્માણ થશે. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ સમાવિષ્ટ કરવાના રહેશે. (ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં જ)
   - પ્રસ્તાવના
   - મુખ્ય હેતુઓ
   - કાર્યક્રમ દરમ્યાન કરેલ વિવિધ પ્રવૃત્તિઓ
   - બાળકો પ્રવૃત્તિઓ કરતા હોય તેવા ફોટોગ્રાફ્સ (વિડીયો ક્લીપ્સ સોફ્ટ કોપીમાં રાખવી.)
   - બાળકોના પ્રતિભાવ અને વાલીઓના પ્રતિભાવ
   - SMC ના સભ્યોના પ્રતિભાવ તથા મોનીટરીંગ ટીમના પ્રતિભાવ
   - મૂલ્યાંકન - પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો
   - બાળમેળા અને લાઇફ સ્કીલમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો.
   - (બાળમેળા અને લાઇફસ્કીલમેળાનું આયોજન, પત્રો, બેઠકોની મિનિટ્સ, મોનીટરીંગનું આયોજન વગેરે )

5. શાળામાં પ્રવેશ મેળવનાર બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર શાળામાં બાળમેળો અને અને લાઇફસ્કીલમેળા યોજાય તેવું આયોજન કરવું.

6. બાળમેળા તથા લાઇફસ્કીલ મેળા માટે ડાયેટ, ભરૂચને જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

7. બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીની સંખ્યા આધારિત મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રા.શિ.સ. સંચાલિત પ્રા.શાળા, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ <u>સ્કુલ (ધોરણ-1 થી 8) પ્રત્યેક શાળાને નીચે મુજબ વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી શાળા કક્ષાએ ડાયેટ જૂનાગઢ દ્વારા શાળાના એસએમસી એજ્યુકેશન એકાઉન્ટમાં RTGS થી તા.૦૮/૦૭/૨૦૨૨ સુધીમાં જમા કરવામાં આવશે.</u>

| ક્રમ | વિદ્યાર્થીની સંખ્યા | શાળા દીઠ રકમ |
|---|---|---|
| 1 | 1 થી 100 | રૂ. 800 |
| 2 | 101 થી 200 | રૂ. 1000 |
| 3 | 201 થી 400 | રૂ. 1200 |
| 4 | 401 થી 600 | રૂ. 1400 |
| 5 | 601 થી 800 | રૂ. 1600 |
| 6 | 801 થી 1000 | રૂ. 1800 |
| 7 | 1001 થી વધુ | રૂ. 2200 |

8. તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તાલુકા લાયઝનશ્રી,સી.આર.સી.કો-ઓર્ડીનેટરશ્રી સાથે સંકલન કરી તાલુકા કક્ષાએ બાળમેળાનું આયોજન કરી તે આયોજન ડાયેટ જૂનાગઢને મોકલવાનું રહેશે.
9. તાલુકામાં બાળમેળા યોજાઇ ગયા બાદ તેના ફોટોગ્રાફ્સ/વિડીયોક્લીપ્સ/ડોક્યુમેન્ટરી અહેવાલ ડાયેટ કક્ષાએ આપવાનો રહેશે.
10. શાળામાં બાળમેળા/લાઈફસ્કીલ મેળા યોજાયા બાદ શાળા કક્ષાએ ખર્ચની ફાઈલ નિભાવવાની રહેશે જ્યારે ડાયટ જૂનાગઢ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આપવાની રહેશે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

બિડાણ: બાળમેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફોર્મ
લાઇફસ્કીલ મેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફોર્મ
નકલ સવિનય રવાના જાણ થવા સારૂ :

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડીનેટરશ્રી જૂનાગઢ અને ગીર-સોમનાથ

❖ નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ :

- શાસનાધિકારીશ્રી,ન.પ્રા.શિક્ષણ સમિતિ, જૂનાગઢ અને ગીર-સોમનાથ.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ તાલુકા, જિ.જૂનાગઢ અને ગીર-સોમનાથ.

❖ નકલ રવાના જાણ, અમલ તથા માર્ગદર્શન/મોનીટરીંગ થવા સારૂ :

- તાલુકા લાયઝનશ્રી, તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લો, સદર કચેરી
- સી.આર.સી. કો શ્રી, તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લો (બી.આર.સી.કોશ્રી મારફત )
- શાળાના આચાર્યશ્રી, તમામ, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લો (સી.આર.સી.કોશ્રી મારફત )

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ
**Ph.no: 0265 2622361**
**Email: dietjunagadh@gmail.com**

જા.વ.ક્રમાંક:જશભ/WE/બાળમેળા/2022-23/1012-34 તા.04/07/2022

પ્રતિ,
બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી તમામ,
તમામ તાલુકા,જિ.જૂનાગઢ અને ગીર-સોમનાથ.

<u>વિષય:-</u> વર્ષ: 2022-23માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું તાલુકા કક્ષાનું આયોજન મોકલવા બાબત.
<u>સંદર્ભ</u> :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/19695-75,તારીખ:01/07/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આ વર્ષે (વર્ષ:2022-23)માં તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં <u>પ્રથમ દિવસે ધો. 1 થી 5ના બાળકો માટે બાળમેળો તથા બીજા દિવસે ધો. 6 થી 8 ના બાળકો માટે લાઈફ સ્કીલ મેળા નું આયોજન તારીખ: 15/07/2022 સુધીમાં કરવાનું થાય છે. જેનો વિગતવાર પરિપત્ર અલગથી આપને કરેલ છે.</u>

બાળમેળા અને લાઇફસ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીની સંખ્યા આધારિત મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ સ્કૂલ (ધોરણ- 1 થી 8) <u>પ્રત્યેક શાળાને વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી શાળા કક્ષાએ ડાયેટ, જૂનાગઢ દ્વારા શાળાના એસ.એમ.સી. એજયુકેશન એકાઉન્ટમાં જમા કરાવવામાં કરવામાં આવશે.</u>

બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનું આયોજન તાલુકા લાયઝનશ્રી સાથે સંકલન કરી સત્વરે કરવાનું રહેશે. આ આયોજન તા. 15/07/2022 સુધીમાં પૂર્ણ થાય તે રીતે કરવાનું રહેશે. આ પ્રવૃત્તિનું આયોજન કરી નીચે <u>પ્રમાણેના ફોરમેટમાં દિન-02 માં ડાયેટ જૂનાગઢ ખાતે</u> મોકલી આપવાનું રહેશે.

<u>બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું તાલુકા કક્ષાનું આયોજન</u>
<u>(વર્ષ:-2022-23 )</u>

<u>તાલુકો :-</u>

| ક્રમ | દિન | કક્ષા | ધોરણ | આયોજિત તારીખ |
|---|---|---|---|---|
| 1 | પ્રથમ દિવસ | પ્રાથમિક કક્ષા | 1 થી 5 | |
| 2 | બીજો દિવસ | ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | |

નોંધ:-

- <u>બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની પ્રવૃત્તિ પૂર્વે શિક્ષકે ક્યુ.આર. કોડમાં આપેલ તેમજ અન્ય પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યારબાદ બાળમેળા અને લાઇફસ્કીલ બાળમેળાની જુદી જુદી પ્રવૃત્તિમાં શાળાના દરેક બાળકો ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા રોટેશન મુજબ આયોજન કરવાનું રહેશે.</u>
- જે શાળા ધો. 1 થી 5ની હશે ત્યાં પ્રથમ દિવસ બાળમેળાનું આયોજન થશે. જે શાળા ધો. 1 થી 8 ની હશે ત્યાં પ્રથમ દિવસે બાળમેળા અને બીજા દિવસે લાઈફસ્કીલ મેળાનું આયોજન થશે. આ બાળમેળાનું આયોજન <u>તા.15/07/2022 સુધીમાં પૂર્ણ થાય</u> તે ધ્યાને લેશો.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

❖ નકલ સવિનય રવાના જાણ થવા સારૂ :
  - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડીનેટરશ્રી જૂનાગઢ અને ગીર-સોમનાથ

❖ નકલ રવાના જાણ, અમલ તથા સંકલન થવા સારૂ :
  - શાસનાધિકારીશ્રી.ન.પ્રા.શિક્ષણ સમિતિ, જૂનાગઢ અને ગીર-સોમનાથ
  - તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ
  - તાલુકા લાયઝનશ્રી ,તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ
    જિલ્લો, સદર કચેરી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ
**Ph.no: 0285 2622361**
**Email: dietjunagadh@gmail.com**

જા.વ.ક્રમાંક:જશભ/તલમ/બાળમેળા/2022-23/ ૧૨૫૦ - ૧૨૮૦      તા.17/08/2022

પ્રતિ,

- બી.આર.સી.કો.ઓ.શ્રી, તમામ
  જિ.જૂનાગઢ

વિષય:- બાળમેળા - લાઇફસ્કીલ ડોક્યુમેન્ટ્રી બાબત.

સંદર્ભ :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/23664-93 તારીખ:10/08/2022

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લાના તમામ તાલુકામાં બાળમેળા - લાઇફસ્કીલ મેળાનું આયોજન થઇ ગયેલ છે. તે અન્વયે જિલ્લાની ડોક્યુમેન્ટ્રી તૈયાર કરવાની થાય છે. આ તાલીમ વર્ગમાં આપના તાલુકામાંથી ટેક્નોલોજીના જાણકાર તાલુકાદીઠ ૧ (એક) સી.આર.સી./બી.આર.પી. આપની કક્ષાએથી આદેશ કરવા જણાવવામાં આવે છે.

સ્થળ:- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ
તારીખ:- ૨૪ થી ૨૬ ઓગષ્ટ, ૨૦૨૨
સમય:- સવારે ૧૦-૩૦ કલાકે

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જૂનાગઢ

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

નકલ સવિનય રવાના:-
- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ

Ph.no: 0285 2622361

Email: dietjunagadh@gmail.com


જાવક નં:જશભ/તલમ/2022-23/1404-26 ........................................................ તા.24/08/2022

પ્રતિ,

- બી.આર.સી.કો.ઓ.શ્રી, તમામ
  જિ.જૂનાગઢ

<u>વિષય:-</u> બાળમેળા – લાઇફસ્કીલ મેળાની મુલાકાત કર્યા બદલની ગુગલ ફોર્મની લિન્ક પર માહિતી ભરવા બાબત.

<u>સંદર્ભ :-</u> ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/19695-75,તારીખ:01/07/2022

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લાના તમામ તાલુકામાં બાળમેળા – લાઇફસ્કીલ મેળાનું આયોજન થઇ ગયેલ હશે. આપના તાલુકામાં બાળમેળા – લાઇફસ્કીલ મેળા યોજાય ગયેલ છે. તે અન્વયે આપેલ ગુગલ ફોર્મમાં આપના તાલુકાના તમામ બી.આર.સી.કો.ઓ., સી.આર.સી.કો.ઓ. અને બી.આર.પી.શ્રીએ તા.૨૫/૦૮/૨૦૨૨ સુધીમાં આપેલ ગુગલ ફોર્મ સત્વરે ભરવા આપની કક્ષાએથી જાણ કરવા જણાવવામાં આવે છે.

બાળમેળા -

https://docs.google.com/forms/d/e/1FAIpQLSc2StXeqGTqtIltSf3nIIrpZID5xVv8cOJJUgg50VrusrVThQ/viewform?usp=sf_link

લાઇફસ્કીલ -

https://docs.google.com/forms/d/e/1FAIpQLSefzIHOvSrv6pN6GrEJuItWQ87HwMM23e13ghSWJuEj1wuD7A/viewform?usp=sf_link

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

નકલ સવિનય રવાના:-

- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ.જૂનાગઢ

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

## બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ

## વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને પરિષદ, (જીસીઇઆરટી) ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઇફસ્કીલમેળા યોજવા માટે ઇડીએન-૧૨ એપેન્ડીક્ષ-૬ અન્વયે નીચે જણાવેલ કુલ રૂ.૬,૮૯,૨૦૦/-(અંકે રૂપિયા છ લાખ નવ્યાસી હજાર પૂરા) પુરાની ગ્રાન્ટ મળેલ હતી. જે અન્વયે નીચે જણાવ્યા મુજબ કુલ રૂ.૬,૮૦,૬૦૦/- (અંકે રૂપિયા ૬ લાખ એસી હજાર છસો) પુરાનો ખર્ચ કરવામાં આવેલ છે.

| હેડ | કુલ મળેલ ગ્રાન્ટ | ઉપાડેલ ગ્રાન્ટ | ખર્ચ થયેલ | ચલણ થી જમા કરાવેલ |
|---|---|---|---|---|
| ૯-જનરલ | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૦,૬૦૦/- | ૮,૬૦૦/- |
| ૯૫-એસ.સી.એસ.પી. | | | | |
| ૯૬-ટી.એ. એસ.પી. | | | | |
| કુલ | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૦,૬૦૦/- | ૮,૬૦૦/- |

તારીખઃ-૨૪/૦૮/૨૦૨૨

પ્રાચાર્યની સહી..............

બિડાણઃ- ભરેલ ચલણની પહોંચ

G.C.E.R.T. ગાંધીનગર પ્રેરિત અને

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જુનાગઢ આયોજિત



# જુનાગઢ જિલ્લા બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા વર્ષ 2022-2023



આપની શાળામાં થયેલી પ્રવૃત્તિના ફોટો અને અહેવાલ નીચે આપેલી લીંક ખોલી અપલોડ કરો

https://forms.gle/vBYVdWxVUpAy4E466

આપની શાળામાં થયેલ વિશેષ પ્રવૃત્તિ ના વિડીયો તેમજ અન્ય ડોક્યુમેન્ટરી નીચે આપેલા ઇ-મેલ આઇ ડી પર મોકલો

dietjunagadh@gmail.com



# લાઈફ સ્કીલ બાળમેળા આયોજન માટે કરેલ બેઠકોની મિનિટ્સ

તારીખ 05/07/2022ના રોજ જૂનાગઢ જિલ્લા અને ગીરસોમનાથ જિલ્લાના માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબ, ડાયેટના વ્યાખ્યાતાઓ, બંને જિલ્લાના તમામ બી.આર.સી કોર્ડીનેટર અને સી.આર.સી કોર્ડીનેટરની સાથે એક વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ વેબીનારમાં આગામી સમયમાં કરવાનાં થતાં બાળમેળા અને લાઈફ સ્કીલ બાળમેળાના આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી હતી. તમામ તાલુકાનાં બીઆરસી કોર્ડીનેટર દ્વારા પોતાના તાલુકામાં જે આયોજન નક્કી કરેલ હોય તથા બાળમેળા અને લાઈફસ્કીલ મેળાની તારીખ નક્કી કરવામાં આવે તે સંબંધિત તાલુકાના લાયઝન અધિકારીને જાણ કરવામાં આવે તેવી ચર્ચા કરવામાં આવી હતી.






Thank You

